# ટકાઉ વૈદકિય સાધનો ના ધોખા થી દૂર રહેવા ની ટીપણી ઓ

મેડિકેર અમુક પ્રકારના ટકાઉ વૈદકિય સાધનો ( ડિ એમ ઈ), પ્રોસ્થેટીક્સ, ઓરથોટીક્સ, અને સામાન જ્યારે વૈદકિય રીતે જરૂરી હોય તેનો સમાવેશ કરે છે. આનો અર્થ એ છે કે તમારા ડોક્ટરે સાધનો નો પ્રસ્તાવ લખી આપવો જરૂરી છે, અને પછી જ આ મેડિકેર મા સમાવેશ થાય છે. તમને વૈદકિય સાધનો કે સામાન જોઈયે, તો પહેલા તમારા ડોક્ટર નો સંપર્ક કરો. એકવાર તમારા ડોક્ટર ડિ એમ ઈ, પ્રોસ્થેટીક્સ, ઓરથોટીક્સ, અને સામાન માટે રજા આપે, તો તમે મેડિકેર માનીત ડિ એમ ઈ સામાન પૂરો પાડનાર ને ફોન કરો- ૧- ૮૦૦- મેડિકેર અથવા વેબ સાઈટ www.medicare.gov. ને જોઈ શકો છો. ડિ એમ ઈ સામાન પૂરી પાડનારે, તમને સામાન આપે એ પહેલા, એ સાધનનું તમારા ઘરે જડાણ થશે અને બરાબર કામ કરશે એ તપાસવાની તારીખ નક્કી કરવી જોઈએ.

## આ વૈદકિય સાધનો ના ગોટાળા ટાળવા માટે ના ઘણા મુદ્દાઃ

### નહી કરવુ...

- તમે જેઓને ના જાણતા હોય તેને તમારા મેડિકેર નંબર ન આપો, ખાસ કરીને જે લોકો ફોન પર વાત કરે, દરવાજે આવે, અથવા મેડિકેર નંબર "મફત" સેવા ને બદલે આપવાની વાત કરે. "મફત" સેવા ને કદી પણ મેડિકેર ની જરૂર નથી પડતી !
- જે લોકો ફોન પર વાત કરે, તમારા દરવાજે ઓચિંતા આવે, તેમની પાસે થી વસ્તુ ઓ કે સામાન સ્વીકારશો નહી, ભલે પણ એઓ કહે કે તમારા ડોક્ટરે એમને મોકલ્યા છે.
- "મફત" સાધનો કોઈ પ્રસંગ દરમ્યાન કે કોઈ પ્રસ્તુતી મા, તમારા ડોક્ટરની અધિકૃત પણે સુચવણી વગર ના લેશો.
- વાંચ્યા વિના કોઇ પણફોર્મ પર સહી કરશો નહીં, અને કદીયે ખાલી ફોર્મ પર સહી કરશો નહીં .

### કરવુ...

- તમને ટકાઉ વૈદકિય સાધનો, પ્રોસ્થેટીક્સ, ઓરથોટીક્સ, અને સામાન જોઈયે, તો પહેલા તમારા ડોક્ટર નો સંપર્ક કરો. તમારા ડોક્ટર તમને જોઈતા સાધનો નો આદેશ કરશે.
- મેડિકેર સંક્ષિપ્ત નોટ (એમ એસ એન) અથવા લાભો નું વિવરણ (ઈ ઓ બી) ઈન્સ્યોરન્સ કંપની તરફ પાસે થી અવશ્ય વિગતવાર વાંચજો. જે સેવા કે સાધન તમે નથી લીધા, જે સેવા કે સામાન તમારા ડોક્ટરે નથી મંગાવ્યા અથવા બીજી કોઈ બીલીંગ ભુલો પર ધ્યાન આપજો.

ઈલિનોઈસ એસ એમ પી (સીનીયર મેડિકેર જૂથ) લોકો ને સ્વાસ્થય સારવાર ને લગતા ગોટાળા , નુકશાન અને ગેરફાયદાઓ વિશે જાગૃત કરે છે. તમને સારાંશ સૂચના ઓ અથવા લાભો નું વિવરણ કઈ પ્રશ્ન હોય તો અવશ્ય એસ એમ પી પ્રોગ્રામ ને **(૮૦૦)૬૯૯-૯૦૪૩** પર ફોન કરીને જાણકારી મેળવી લેશો.વધુ જાણકારી માટે વેબ સાઈટ ને ને જોઈ શકો છો.

website: **www.illinoissmp.org.**

આ દસ્તાવેજ માટે આંશિક ટેકો, ગ્રાંટ નંબર 90MP0026, યુ એસ એડમીનીસ્ટ્રેશન ઓન એજીંગ, ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ અને યુમન સર્વિસીસ ના ટેકા થી થયો છે. સરકારી પ્રયોજઓ ના ઉપક્રમે ગ્રહિતા ને સ્વતંત્રરૂપ થી એમના નિષ્કર્શ અને નિષ્કાર્ય વ્યક્ત કરવા માટે ઉત્સાહિત કરવામાં આવે છે. જરૂરી નથી કે દ્રષ્ટિ ટકોણો અથવા મતો અધિકૃત સંચાલન એજીંગ નિતિ ને દર્શાવે છે.